# રાજયમાં સ્વાઈન ફ્લુનો કાળો કેર : વધુ ૭ના મોત

## ગુજરાતમાં કેટલાક નવા વિસ્તારો પણ સકંજામાં આવ્યા હોવાના હેવાલથી તંત્રમાં દોડધામ વધી : કુલ કેસની સંખ્યા જાન્યુઆરી બાદથી વધી ૮૩૧ થઈ

અમદાવાદ, તા. ૯

ગુજરાત રાજ્યના જુદા જુદા શહેરોમાં સ્વાઈન ફ્લુનો આતંક અવિરત જારી રહ્યો છે. સ્વાઈન ફ્લુના કારણે કેટલાક નવા વિસ્તારો પણ સકંજામાં આવી ગયા છે જેથી તંત્રની દોડધામ વધી ગઈ છે. સ્વાઈન ફ્લુના કારણે આજે વધુ ૭ લોકોના મોત થતાં મોતનો આંકડો વધીને ૮૮ ઉપર પહોંચી ગયો હતો. જ્યારે કુલ કેસોની સંખ્યા વધીને ૮૩૧ ઉપર પહોંચી હતી. આજે રાજ્યભરમાં નવા કેસોની સંખ્યા ૮૭ નોંધાઈ હતી. સત્તાવાર રીતે ૮૭ કેસો હોવાની સ્થિતિમાં બિનસત્તાવાર રીતે આ કેસની સંખ્યા વધુ હોઈ શકે છે. આજે જે વિસ્તારમાં નવા કેસો સ્વાઈન ફ્લુના નોંધાયા હતા તેમાં કચ્છમાં ૨૦, અમદાવાદમાં ૨૧, વડોદરામાં ૧૦, સુરતમાં ૯, ગાંધીનગરમાં ૬, આણંદ અને મહેસાણા, ભાવનગર, સુરેન્દ્રનગરમાં વધુ ત્રણ-ત્રણ કેસ નોંધાયા હતા. આજે સાત લોકોના મોત થયા હતા. જે પૈકી વડોદરા, આણંદ, ગાંધીનગર, જુનાગઢ, પાટણ, અરવલ્લી અને મોરબીમાં એક-એકનું મોત થયું હતું.

સત્તાવાર આંકડા મુજબ પહેલી જાન્યુઆરી ૨૦૧૫થી હજુ સુધી સ્વાઈન ફ્લુના ૮૩૧ કેસો નોંધાઈ ચુક્યા છે જે પૈકી મૃત્યુઆંક આજે વધીને ૮૮ પર પહોંચ્યો હતો. સ્વાઈન ફ્લુ રોગનો ખતરો સતત વધી રહ્યો છે. ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુ વધુ વકર્યો છે. આજે વધુ ૭ લોકોના સ્વાઈન ફ્લુના કારણે મોત થયા હતા. જ્યારે સ્વાઈન ફ્લુના નવા ૮૭ કેસો નોંધાયા છે. જેથી કેસોની સંખ્યા વધીને ૮૩૧ સુધી પહોંચી ગઈ હતી. રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી નીતિન પટેલે હાલમાં જ કહ્યું હતું કે, રાજ્યમાં સ્વાઈન ફ્લુની હાલની પરિસ્થિતિ ઉપર ઝીણવટભરી તકેદારી રાખવામાં આવી રહી છે. હાલમાં દેશમાં અન્ય રાજ્યો જેવા કે દિલ્હી, તેલંગાણા, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, મહારાષ્ટ્ર, કેરાલા અને વેસ્ટ બેંગાલમાં પણ સ્વાઈન ફ્લુના કેસોમાં વધારો જોવા મળ્યા છે. રાજ્યમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યામાં વધારો ધ્યાનમાં આવતા જ રાજયના આરોગ્ય વિભાગે આ રોગના અટકાયત માટે તથા સારવાર વ્યવસ્થાપનના તંત્રને સાબદુ કરી દીધું છે. અગાઉના વર્ષોમાં પણ જ્યારે સ્વાઈન ફ્લુના કેસોમાં વધારો નોંધાયો હતો ત્યારે રાજ્ય સરકારે સઘન પ્રયત્નો દ્વારા આ રોગચાળાને કારણે થતી માંદગી અને મૃત્યુને ઘટાડ્યા હતા. સ્વાઈન ફ્લુ રોગને રોકવા માટે તંત્ર સજ્જ હોવા છતાં આ રોગ બેકાબૂ બનેલો છે, મોતનો આંકડો વધી રહ્યો છે. સ્વાઈન ફ્લુને લઈને અલગ શહેરોમાં હોસ્પિટલની ખાસ વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. સેંકડો દર્દી સારવાર હેઠળ હોવાની માહિતી મળી રહી છે. સ્વાઈન ફ્લુને લઈને સામાન્ય લોકોમાં પણ સતત ભય જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા પગલા લેવાયાની વાત થઈ રહી હોવા છતાં કેસો હજુપણ સતત વધી રહ્યા છે અને મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે.

### રાજયમાં સ્વાઈન ફ્લુ ક્યાં કેટલાના મોત

સ્વાઈન ફ્લુનો આતંક જારી રહ્યો છે. સ્વાઈન ફ્લુના કારણે આજે સોમવારના દિવસે વધુ સાત લોકોના મોત થયા હતા જેથી મોતનો આંકડો વધ્યો હતો. સ્વાઈન ફ્લુના કારણે ક્યાં કેટલાના મોત હજુ સુધી થયા છે તે નીચે મુજબ છે.

| જિલ્લા | મોત | | |
|---|---|---|---|
| કચ્છ | ૨૧ | મહેસાણા | ૦૩ |
| અમદાવાદ | ૧૫ | વડોદરા | ૦૪ |
| સુરત | ૧૧ | રાજકોટ | ૦૧ |
| જામનગર | ૦૪ | અન્ય | ૨૯ |
| | | કુલ | ૮૮ |

# ભાજપાની સંગઠન પર્વ અંગેની પ્રદેશ બેઠક આજે યોજાશે

ગાંધીનગર, તા. ૯

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ એક યાદીમાં જણાવ્યું છે કે, આવતીકાલે તા. ૧૦ ફેબ્રુઆરીને મંગળવારના રોજ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં તેમજ રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી, પ્રદેશ પ્રભારી અને સંગઠન પર્વના રાષ્ટ્રીય સંયોજક શ્રી દિનેશજી શર્માની ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ બેઠક યોજાશે.

શ્રી જાડેજાએ બેઠકની વિગતો આપતા જણાવ્યું હતું કે, ભાજપના સદસ્યતા અભિયાનની સમીક્ષા અંગેની આ બેઠકમાં પક્ષના રાષ્ટ્રીય પદાધિકારીઓ, પ્રદેશ પદાધિકારીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી-મહામંત્રીશ્રીઓ, સેલના પ્રદેશ કન્વીનરશ્રીઓ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, જિલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, જિલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સંગઠન પર્વના ઝોનના ઈન્ચાર્જશ્રીઓ, સંગઠન પર્વના જિલ્લા/મહાનગરના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જશ્રીઓ ઉપસ્થિત રહેશે.

# નવી શિણોલ ત્રણ રસ્તા પાસે કાર ઝાડ સાથે અથડાઈ : એકનું મોત

## અચાનક રોડ પર આવેલ કુતરાને બચાવવા જતા પત્નિનું મોત : પતિ ઈજાગ્રસ્ત

મોડાસા, તા.૯

ધનસુરા તાલુકાના નવી શિણોલ ત્રણ રસ્તા પાસે કાર અકસ્માતમાં એક મહિલાનું મોત સવિતાબેન પટેલ ઉ.વ.૫૬ પોતાના સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગે જઈ પરત આવી રહ્યા હતા તે દરમિયાન બપોરના સમયે કાર નવી શિણોલ ઈજાઓ થતા તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સવિતાબેનનું રસ્તામાં જ મોત થઈ જવા પામ્યું હતું. તેમજ



(તસવીર : જય અમીન, મોડાસા)

નિપજયું છે. જયારે અન્ય એકને શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે બાયડ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

બાયડ તાલુકાના માધવકંપા ખાતે રહેતા જીવરાજભાઈ પટેલ ઉ.વ.૬૦ અને તેમના ધર્મપત્નિ પાસે પહોંચી હતી જયાં રસ્તામાં એકાએક કુતરું આવી જતા કુતરાને બચાવવા માટે કારને બ્રેક કરતા કાર રોડની નીચેની સાઈડમાં ઘુસી જઈ ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. કારમાં સવાર સવિતાબેન અને જીવરાજભાઈને શરીરે ગંભીર જીવરાજભાઈને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે મૃતક સવિતાબેન બાયડ નગરપાલિકા પ્રમુખ શકુંતલાબેનના સાસુ થાય છે. જેનાથી બાયડ શહેરમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી.

# ધાનેરા તાલુકા પંચાયત સામે દબાણનો અડીંગો છતાં પણ સ્થાનિક તંત્ર મૌન

## તંત્રના મોનના કારણે લોકોમાં અનેક સવાલ ઉભા થવા પામ્યો છે

ધાનેરા, તા. ૯

બનાસકાંઠાના ધાનેરામાં એક મોટી સમસ્યા છે દબાણ. લોકો જ્યાં અને ત્યાં કરી રહ્યા છે દબાણ છતાં પણ ધાનેરાનું સ્થાનિક તંત્ર ચુપચાપ તમાશો જોયા કરે છે.

ધાનેરા તાલુકા પંચાયત સામે આવેલી રોડની સાઈડની જગ્યા ઉપર કેટલાક લોકો દ્વારા ચાની લારી નાસ્તાની લારી અને નાના મોટા ગલ્લા મુકી દબાણ કર્યું છે અને વધુમાં એ પણ જાણવા મળ્યું છે કે આ દબાણ બાબતે ધાનેરા નગરપાલિકામાં રજુઆત પણ કરવામાં આવી છે. છતાં પણ ધાનેરાની સ્થાનિક તંત્ર આ બાબતે મૌન કેમ સેવે છે અને અત્યારે ધાનેરામાં ચોરે ને ચૌટે એક જ વાત સાંભળવા મળી રહી છે કે ધાનેરા નગરપાલિકા દ્વારા આ દબાણ દૂર કરવામાં નહિ આવે કારણ કે આ દબાણ પૈસા આપીને કરાયું છે જેથી લોકો ઈચ્છી રહ્યા છે કે ધાનેરા નગરપાલિકાએ હવે આક્રમક પગલા ભરી આડેધડ થતું દબાણ અટકાવવુ જોઈએ. હવે જોવાનું એ રહે છે કે ધાનેરા નગરપાલિકા પર લોકો પૈસા લેવાનો આક્ષેપ કરી રહ્યા છે લોકોએ ધાનેરા નગરપાલિકા પર આક્ષેપ કરી દીધા છે પરંતુ હવે સાબિત નગરપાલિકાને કરવાનુ છે કે તેને પૈસા લીધા છે કે નહિ.

# દલપુર ચોકડી પાસે માતેલા સાંઢની જેમ આવી રહેલી કારે આધેડનો ભોગ લીધો

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે પર આવેલ દલપુર ચોકડી પાસે ગંભીર અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે આવી રહેલ કાર ચાલકે રોડ ક્રોસ કરતા આધેડને ટક્કર મારતા આધેડનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. પ્રાંતિજ પોલીસને ઘટનાની જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર સવારના અરસામાં દલપુર ચોકડી પાસે અકસ્માત થવા પામ્યો છે. કાટવાડ ગામના રહીશ પુનસિંહ જોરસિંહ ચૌહાણ ઉ.વ.૬૦ પોતાના કામ અર્થે સવારે ઘરેથી નિકળ્યા હતા ત્યારે તેઓ દલપુર ગામની ચોકડી પાસે રોડ ઓળંગવા જતા સામેથી પુરપાટ ઝડપે આવેલી કાર નં. જીજે-૧-કે.એફ. ૪૫૮૯ના ચાલકે ટક્કર મારતા પુનસિંહ હવામાં ફંગોળાઈને ધડાકાભેર રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે પુનસિંહનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું. ત્યારે અકસ્માતની ફરિયાદ રૂપસિંહ પુનસિંહ દ્વારા પ્રાંતિજ પોલીસને કરવામાં આવતા પ્રાંતિજ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આર્ટ ટીચરની ડિપ્લોમાની વાર્ષિક પરીક્ષા ૭મીથી શરૂ

## ૧૬મી ફેબ્રુઆરી સુધીમાં ઓનલાઈન ભરાયેલા આવેદન પત્રો ગુજરાત પરીક્ષા બોર્ડને વિધિવત મોકલી દેવા પડશે


અમદાવાદ, તા.૯

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી ૭ મે થી આર્ટ ટીચર ડિપ્લોમાની પરીક્ષા લેવામાં આવશે આ પરીક્ષા માટે ઓનલાઈન આવેદનપત્ર ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે જ્યારે પરીક્ષા માટેની ફી ૧૨ ફેબ્રુઆરી સુધી પોસ્ટઓફિસમાં જમા કરવવાની રહેશે. તેમજ જે તે સંસ્થાઓએ ઓનલાઈન ભરાયેલા આવેદનપત્રો ૧૬મી ફેબ્રુઆરી સુધીમાં રાજય પરીક્ષા બોર્ડને મોકલી આપવાના રહેશે.

પ્રાપ્ત થતિ માહીતિ મુજબ રાજય શિક્ષણ બોર્ડ દ્વારા આર્ટ ટીચર ડિપ્લોમાં પ્રથમ વર્ષની પરીક્ષા ૭ થી ૧૫ મે દરમિયાન લેવામાં આવશે જ્યારે બીજા વર્ષની પરીક્ષા ૭ થી ૨૧ મે દરમિયાન લેવામાં આવશે આ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે જ્યારે વિવિધ પોસ્ટઓફીસમાં ૧૨ફેબ્રુઆરી સુધીમાં પરીક્ષા ફી જમા કરવવાની રહેશે પ્રથમ વર્ષ માટે રૂપિયા ૪૫૦ અને બીજા વર્ષ માટે રૂપિયા ૫૨૫ પરીક્ષા ફી નક્કી કરવામાં આવેલી છે. આ પ્રકિયા પૂર્ણ થયા બાદ પરીક્ષા બોર્ડ દ્વારા દરેક વિદ્યાર્થીમાં બેઠક નંબર ૭મી એપ્રિલ ઈ-મેલથી મોકલી આપવામાં આવશે.

જ્યારે પરીક્ષાની હોલ ટીકીટ ૧૮ એપ્રિલથી ઓનલાઈન ડાઉનલોડ કરી શકાશે આ ઉપરાંત દરેક કોલેજોએ આંતરીક પરીક્ષા ૨૧મી એપ્રિલ લઈને જેનાં આંતરીક ગુણ પાંચમી મે સુધીમાં પરીક્ષા બોર્ડને મોકલી દેવાની રહેશે. ઉલ્લેખનીય છે કે આર્ટ ટીચર ડિપ્લોમાની પરીક્ષાના દરેક અભ્યસક્રમ માટે ઓનલાઈન ભરેલા આવેદનપત્રની પ્રિન્ટ પર આચાર્યના સહી-સિક્કા કરવીને પરીક્ષા બોર્ડની કચેરીએ રૂબરૂ જમા કરાવવાની રહેશે. આ ઉપરાંત પરીક્ષામાં હાજર રહેવા માંગતા ઉમેદવારની વર્ષ દરમિયાન ૧૮૦ દિવસની હાજરી હાજરી કોલેજમાં નોંધાયેલ હોવી ફરજીયાત છે. ૧૮૦ દિવસની હાજરી પૂર્ણ કરનાર ઉમેદવારોના આવેદનપત્રો સંસ્થાના આચાર્યોએ સ્વીકારીને રજૂ કરવાના રહેશે. તેમજ આંતરીક ગુણ ૫૦ ટકાથી ઓછા હોય તેવા ઉમેદવારો પરીક્ષામાં બેસવા પાત્ર ગણાશે નહી.

## શબ્દાવલી - ૫૬૪૦



**આડી ચાવી**

૧. ધરતીકંપ (૩)
૪. લખવું તે (૩)
૬. શેતરંજી, જાજમ (૪)
૮. આત્મા (૨)
૧૦. પૃથ્વી પોતાની... ઉપર ફરે છે (૨)
૧૧. પકડવું તે (૩)
૧૨. વેપાર, વણિક વિદ્યા (૩)
૧૩. વગડો, રેતીનું મેદાન (૨)
૧૪. હરાજી (૩)
૧૬. આનંત, મોજ (૨)
૧૭. ખરલ, વાટવાનો પથ્થર(૨)
૧૮. ચીસો પાડવી, કીલકારી(૪)
૨૦. પ્રહાર ઝીલવાનું એક સાધન (૨)
૨૧. સગડી (૨)
૨૨. દાટવું તે (૩)

**ઊભી ચાવી**

૨. ધ્રુજારી, ધ્રૂજવું તે (૩)
૩. રસ્તો, રાહ (૨)
૪. લેવાનું હોય તેવું (૨)
૫. પાસે, જોડે (૩)
૭. સુંદર સ્ત્રી (૩)
૯. વટ, એક ઝાડ (૨)
૧૦. ધ્વજ, ઝંડો (૨)
૧૨. ખાટલા ભરવા વપરાતી દોરી (૨)
૧૩. રજાની મંજુરી માટે લેખાતી ચિઠ્ઠી (૪)
૧૪. સેવાળ (૪)
૧૫. ગરજ (૪)
૧૭. ચોમાસું પાક (૩)
૧૯. સ્મરણ, યાદ હોવું તે (૨)

### શબ્દાવલી ૫૬૩૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) સાગર (૩) આગમન (૫) હિમ (૬) જીજી (૭) પદવી (૮) વાન (૯) ફન (૧૦) કાવડ (૧૩) ભાત (૨૧) વિજ (૨૨) સાગ (૨૩) વિક (૨૪) ના (૨૫) રમકડાં

**ઊભી ચાવી :-** (૧) સાહિત્ય (૨) ગમ (૩) આજીવિકા (૪) નમન (૬) જીદ (૭) પનારો (૬) પનારો (૮) વાડ (૧૧) વખ (૧૨) સ્વાભાવિક (૧૪) જીજ્ઞાસા (૧૫) ગતકડાં (૧૭) લાજ (૧૮) નગર (૨૦) ભાવિક

# હવે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના સાધનોની કિંમતોમાં ઘટાડો

## રાજ્યના ખેડૂતો વધુને વધુ પ્રમાણમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ ટેક્નોલોજી અપનાવે તે માટે નવી પહેલ કરવામાં આવી

અમદાવાદ, તા.૯

રાજયના ખેડુતો વધુને વધુ પ્રમાણમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિની ટેકનોલોજી અપનાવે તે માટે આંતરરાષ્ટ્રીય પેટ્રોકેમિકલના નીચા બજાર ભાવને અનુલક્ષીને ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની (જી.જી.આર.સી.) દ્વારા ત્વરિત પગલાં રૂપે સિંચાઈ પદ્ધતિના સાધનોના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જેમાં ટપક સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચમાં સરેરાશ ૬.૨૫ ટકા સુધી અને સ્પ્રીંકલર સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચમાં સરેરાશ ૬.૩૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ભાવ ઘટાડાથી રાજયના સિમાંત, નાના અને મધ્યમ વર્ગના ખેડુતો દ્વારા કરવામાં આવતા કૃષિ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે દ્વિતીય હરિત ક્રાંતિને બળ આપવાના હેતુથી ખેડુતો સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિની ટેકનોલોજી અપનાવે અને પાણી, ખાતર તેમજ ઉર્જાની બચત કરીને ખેત ઉત્પાદનમાં વધારો અને ખર્ચમાં ઘટાડો કરવાના ઉદ્દેશથી રાજય સરકાર દ્વારા ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાતના ખેડુતોને સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિના કિંમતના ૫૦ ટકા સુધી અથવા ૬૦,૦૦૦ પ્રતિ હેકટરની મર્યાદામાં (બેમાંથી જે ઓછું હોય તે) અને આદિજાતિ વિસ્તારના આદિજાતિ અને અનુસૂચિત જાતિના ખેડુતોને ૨૫ ટકા અને ડાર્ક ઝોન વિસ્તારના ખેડુતોને ૧૦ ટકા વધારાની સરકારી સહાય (સબસીડી) પૂરી પાડવામાં આવે છે.



વસ્ત્રાપુર હાઈવે પાસે શિવજી ભગવાનની મૂર્તિની સફાઈની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. શિવરાત્રી નજીક હોવાથી શ્રદ્ધાળુઓ ઉત્સુક છે.

### યુબીક ઈન્ડિયા પ્રા.લિ. દ્વારા તેના દેશના પ્રથમ રીટેલ કન્સેપ્ટ સ્ટોરને અમદાવાદમાં ખુલ્લો મુકાયો

યુબીક સિસ્ટમ પોતાના ક્લાસમાં શ્રેષ્ઠ ચાઈલ્ડ સેફ ઈલેક્ટ્રિકલ ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમમાં પોતાને સાબિત કરે છે, જે સૌંદર્યલક્ષી એકીકૃત રીતે ડેકોર સાથે મર્જ કરી આપણા ઘર કે કાર્યસ્થળના વાતાવરણમાં વધારો કરી આનંદદાયક બનાવે છે.

આ યુબિક કન્સેપ્ટ સ્ટોર એ પીઓસી સેન્ટરની ઈકો સિસ્ટમનો ભાગ છે. આ ભારતનું એકમાત્ર ઈલેક્ટ્રીકલ, એવી, એચવીએસી ઓટોમેશન માટેનું થીમેટીક એક્સપીરિયન્સ સેન્ટર છે.

આ યુબીક પાવર ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમને સમગ્ર સ્ટોરમાં ગ્રાહકોને એક સ્પર્શ અને થીમની અંદરનો અનુભવ આપવા માટે તૈયાર કરવામાં આવ્યો છે, જે તેઓ તેમના દૈનિક જીવનમાં મેળવે છે.

'પીઓસી સેન્ટર' ખાતે ગ્રાહકો સ્વચાલન અનુભવ મેળવશે સાથો સાથ ઓનસાઈટ એન્જિનિયર્સની મદદની સાથે તેમના રહેઠાણ, કોમર્સિયલ અને ઔદ્યોગિક વાતાવરણ માટે સ્વચાલન કાર્યક્ષમતાનું નિર્માણ કરવાની તક પણ મેળવશે.

યુબીક ઈન્ડિયાના સીઈઓ શ્રી સુભાષ સાગર એ પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિક છે, જેમણે 'મેક ઈન ઈન્ડિયા' ના વિચારને શબ્દશઃ હૃદયપૂર્વક અપનાવ્યો અને ગુરગાંવ ખાતે યુબીક સિસ્ટમના ઉત્પાદનની શરૂઆત કરી હતી અને ટુંક સમયમાં જ તેઓ ગુજરાતના ઝડપથી વિસ્તરિત થઈ રહેલા બજારને સંતોષવા માટે અમદાવાદ ખાતે ઉત્પાદન એકમ સ્થાપિત કરશે.

### વન ટાઇમ સેટલમેન્ટ યોજના...

● પહેલા પાનાનું ચાલુ

અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ આ રકમ નગરપાલિકાઓના બાકી વીજબીલોની ચૂકવણી પેટે વિજ કંપનીઓને ચુકવશે. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા ચૂકવાયેલ રકમની વસુલાત નગરપાલિકાઓને ચૂકવવામાં આવતી ગ્રાન્ટમાંથી કરશે. નગરપાલિકા સ્વભંડોળમાંથી લોન ભરપાઈ કરી શકે તેમ હોય તો તે દ્વારા પણ વસુલ કરી શકશે.

આ લોન ખાસ કિસ્સામાં સંપૂર્ણ વ્યાજ મુકત ગણવાની રહેશે અને તેની ચૂકવણીની સમય મર્યાદામાં વધારો કરવાની પણ ખાસ કિસ્સામાં ગણવાની રહેશે.

૪૫ નગરપાલિકાઓની વર્ષ ૨૦૧૪-૧૫ની ઓક્ટ્રોય વળતરની વધારાની ૧૦ ટકા ગ્રાન્ટની રકમમાંથી ૧૦ વર્ષની સમયમર્યાદામાં વસુલ કરવાની રહેશે.

આ યોજનાના અમલીકરણથી નગરપાલિકાઓના કિસ્સામાં લાઈટ બીલોની ચુકવણી નગરપાલિકાઓના પગારભથ્થા પછી અગ્રતાક્રમે કરવાની રહેશે તેમજ અન્ય ગ્રાન્ટની ચૂકવણી વીજ બીલોની ચૂકવણી કર્યાના પ્રમાણપત્ર રજુ કર્યેથી જ ચૂકવવા પાત્ર બનશે.

### મેરીટ લિસ્ટ...

● છેલ્લા પાનાનું ચાલુ

દ્વારા આવતીકાલે સવારે ૧૧:૦૦ કલાકે પોતાની વેબસાઈટ ઉપર કામચલાઉ મેરીટ યાદી જાહેર કરવામાં આવશે. પોસ્ટ માટે અરજી કરનાર ઉમેદવારો વેબસાઈટ ઉપર પોતાનો અરજીપત્ર નાખીને યાદી જોઈ શકશે. મેરીટ યાદી અને પોતાનો ક્રમ જોવા માટે ઉમેદવારે વેબસાઈટની લિંક ઉપર કિલક કરવાનું રહેશે. જેમાં ઉમેદવારે મુખ્ય શિક્ષક ભરતી ૨૦૧૪-૧૫ના અરજી પત્રક ઉપર દર્શાવેલ ફોર્મ નંબર, જન્મ તારીખ, એચ-ટાટ પરીક્ષાનો નંબર અને તારીખ સેન્ટ ચકાસવાના રહેશે. ઉમેદવારો તારીખ ૧૧ અને ૧૨ ફેબ્રુઆરી દરમિયાન પોતાના નામ. લાયકાત, કેટેગરી અને મેરિટ ગુણ સહિતની બાબતોમાં જો કોઈ હોય તો તે અંગે શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપરથી સુધારાપત્રક મેળવીને સુધારા માટે જરૂરી આધાર પુરાવા સાથે અરજીને વાંધા અરજી સ્વીકાર કેન્દ્ર ખાતે બે દિવસમાં મોકલી આપવાનાં રહેશે. ત્યારબાદ કોઈ પણ પ્રકારની વાંધા અરજી સ્વિકારવામાં આવશે નહી. ઉલ્લેખનીય છે કે રાજયની પ્રાથમીક શાળાઓમાં આચાર્યનાં પદ માટે એચ-ટાટની પરીક્ષા ફરજીયાત બનાવી દેવામાં આવી છે. ત્યારે તાજેતરમાં એચ-ટાટની પરીક્ષા લેવામાં આવી હતી. જેનાં આધારે આચાર્યની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.